---

**રેગ્યુલર દાવા નંબર– ૧૬૫/૨૦૨૧ ના કામે આંક–૨૧૮ હેઠળ હુકમ**

---

(૧) આ કામના પ્રતિવાદી નં.૧ દ્રારા હાલની અરજી સી.પી.સી ઓર્ડર–૮, રૂલ–(૧–અ),(૨)(૩) હેઠળ દસ્તાવેજો રજુ કરવા પરવાનગી આપવા માટે કરવામાં આવેલી છે અને અરજીમાં દર્શાવેલા કારણોસર દસ્તાવેજો રજુ કરવા પરવાનગી આપવા વિનંતી કરેલી છે.પ્રતિવાદી નં.૧ દ્રારા પોતાની અરજી મુજબની મૌખીક રજુઆત પણ કરવામાં આવેલી છે. જે રેકર્ડ પર હોય તેની વિગતોનું અહીં પુનરાવર્તન કરવામાં આવતુ નથી. પ્રતિવાદી નં.૧ નો ઉપરોકત દસ્તાવેજો રજુ કરવાનો મુખ્ય હેતુ હાલમાં સ્થળ પર જે બાંધકામ છે તે, ડીસેમ્બર–૨૦૧૭ માં પુર્ણ થઈ ગયેલ છે તેવુ દર્શાવવા અને આંક–૩૭ થી ઘડવામાં આવેલા મુદામાં સમય મર્યાદાના બાધના મુદા અંગે પુરાવો રજુ કરવા નો છે. સદર અરજી થી પ્રતિવાદી નં.૧ પર અરજીના પારા–૩ માં દર્શાવ્યા મુજબના ક્રમ નં. ૧ થી ૬ ના દસ્તાવેજો રજુ કરવા પરવાનગી ઈચ્છે છે. પ્રતિવાદી પક્ષ દ્રારા આવા દસ્તાવેજો યોગ્ય તબકકે રજુ નહી કરવાનું કારણ એવુ દર્શાવેલ છે કે, સદર દસ્તાવેજો વાદગ્રસ્ત જુનુ બાંધકામ તોડી પાડવામાં આવેલ હોવાથી મીસ પ્લેસ થયેલા અને અનેક પ્રયત્ન કરવા છતા ટ્રેસઆઉટ થયેલા નહી હોવાથી રજુ થયેલા નથી. પ્રતિવાદી નં.૧ ની વધુમાં રજુઆત છે કે, સદર દસ્તાવેજો તકરારના મુળમાં જતા હોવાથી માત્ર યોગ્ય તબકકે રજુ થયેલા નથી તેટલા કારણથી રજુ કરવા પરવાનગીનો ઈન્કાર કરી શકાય નહી. તેમ જણાવી અરજીમાં જણાવેલી અન્ય વિગતોએ દસ્તાવેજ રજુ કરવા પરવાનગી આપવા વિનંતી કરેલી છે. પ્રતિવાદી નં.૧ પક્ષ દ્રારા પોતાની રજુઆતના સમર્થનમાં નીચે મુજબના ચુકાદાઓ પર આધાર રાખેલ છે,

(1) Amit M.Pathakji Vs Bhavnaben Amitkumar Pathakji 2007 (2) GLR 1833

(2) Manharlal Ratiala Bachkaniwala Vs Keshubhai Mohanbhai Patel Sp.C.Appli.27980 of 2007

(3) M/S Pranlal Kantilal Proprietor Dipakbhai Pranlal Puparel Vs. Bhavinbhai Jayendrabhai Rurarel Sp.C.Appli.7963 of 2019

(4) Sugandhi Vs. P.Rajkumar, AIR 2020 SC 5486

(૨) પ્રતિવાદી નં.૧ ની હાલની અરજી બાબતે વાદી પક્ષે દ્વારા એવી રજુઆત કરવામાં આવેલ છે કે, પ્રતિવાદી નં.૧ પક્ષ માત્ર ને માત્ર ટ્રાયલ લંબાવવાના બદઈરાદાથી આવી અરજીઓ કરી રહેલા છે. તેઓ દ્વારા વધુમાં રજુઆત કરવામાં આવેલી છે કે, પ્રતિવાદી પક્ષ પોતાના બચાવ માટે જે દસ્તાવેજો પર આધાર રાખતા હોય તે દસ્તાવેજો તેઓએ પોતાના વાંધા જવાબ સાથે રજુ કરવા જોઈએ અને જો વાંધા જવાબ સાથે રજુ કરી ન શકે તો કોર્ટ પરવાનગીથી દસ્તાવેજ રજુ કરી શકાય. તેઓ દ્વારા વધુમાં એવી રજુઆત કરવામાં આવેલી છે કે, જયારે કાયદામાં કોર્ટ પરવાનગીથી કોઈ કાર્ય કરવાનું ઠરાવવામાં આવેલ હોય ત્યારે કોર્ટે પોતાની વિવેક બુધ્ધીની સત્તાની રૂએ આવી પરવાનગી મંજુર કે નામંજુર કરવી જોઈએ અને વિવેક બુધ્ધીની સત્તાનો ઉપયોગ કરવા માટે કોઈ વાજબી અને પુરતુ કારણ અસ્તીત્વમાં હોવુ જોઈએ. પરંતુ હાલના કેસમાં પ્રતિવાદી નં.૧ એ દાવાના જવાબ સાથે શા માટે આવા દસ્તાવેજો રજુ કરેલા નથી તે અંગે કોઈ કોઈ માનવા

લાયક અને વાજબી સ્પષ્ટતા કરેલી નથી, જેથી આવા દસ્તાવેજો રજુ કરવા પરવાનગી આપી શકાય નહી. તેઓ દ્રારા વધુમાં દલીલ કરવામાં આવેલી છે કે, પ્રતિવાદી નં.૧ પક્ષ જે દસ્તાવેજો આ તબકકે રજુ કરવા માંગે છે તે દસ્તાવેજો દાવો દાખલ કર્યો તે પહેલાથી અસ્તીત્વ ધરાવતા હતા પરંતુ પ્રતિવાદી નં.૧ એ વાદીનો સંપુર્ણ પુરાવો પુરો થયો અને પ્રતિવાદી નં.૧ ના પણ સાક્ષીઓ તપાસયા બાદ રજુ કરેલો છે, જેથી તેવા દસ્તાવેજો અંગે યોગ્ય સ્પષ્ટતા કરવાનો કે તેવા દસ્તાવેજોનુ ખંડન કરતો પુરાવો રજુ કરવાની વાદી ને તક મળે નહી અને તે વાદીને પ્રેઝયુડાઈ કરી શકે. વાદ પક્ષ દ્રારા વધુમાં એવી રજુઆત કરવામાં આવેલી છે કે, પ્રતિવાદી નં.૧ હાલની અરજીથી જે દસ્તાવેજો રજુ કરવા માંગે છે તે વંચાણે લેવામાં આવે તો તે દસ્તાવેજો પ્રતિવાદી નં.૧ જણાવે છે કે મુજબ ડીસેમ્બર–૨૦૧૭ માં બાંધકામ પુર્ણ થયેલ છે તેવુ લેશમાત્ર પણ દર્શાવી શકે તેમ નથી, જેથી આવા દસ્તાવેજો સુસંગત નથી. તેઓ દ્રારા વધુમાં રજુઆત કરવામાં આવી છે કે, દાવાની ટ્રાયલ શરૂ થઈ તે પહેલા પ્રતિવાદી પક્ષે કુલ ત્રણ વાર દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલા છે, તો તે સમયે પણ પ્રતિવાદી નં.૧ આવા દસ્તાવેજો રજુ કરી શકતા હતા.

(૩) પક્ષકારોની તમામ રજુઆત ધ્યાને લેતા તથા કેસનું રેકર્ડ ધ્યાને લેતા સ્પષ્ટ થાય છે કે, હાલના કેસમાં પ્રતિવાદી નં.૧ દ્રારા સી.પી.સી ઓર્ડર ૮ રૂ.૧એ (૧) ની જોગવાઈ મુજબ પોતાના દાવા જવાબ સાથે અરજીમાં દર્શાવેલા દસ્તાવેજો રજુ કરેલા નથી અને પ્રતિવાદી નં.૧ વાદી પક્ષનો સંપુર્ણ પુરાવો પુરો થયા બાદ અને પ્રતિવાદી નં.૧ ના પાંચ સાક્ષીઓ તપાસવામાં આવ્યા બાદ આવા દસ્તાવેજો રજુ કરવા પરવાનગી માંગી રહેલા છે. જેથી પ્રતિવાદી નં.૧ પક્ષે આવા દસ્તાવેજો સી.પી.સી માં ઠરાવે યોગ્ય સ્ટેજે રજુ કરેલા નથી.

(૩.૧) સી.પી.સી ઓર્ડર ૮ રૂ.૧એ (૩) ની જોગવાઈ મુજબ, આવા દસ્તાવેજો જે તબકકે રજુ થવા જોઈતા હતા તે તબકકે રજુ કરવામાં આવેલા ન હોય તો કોર્ટ પરવાનગી સિવાય ત્યાર બાદના તબકકે પુરાવામાં રજુ થઈ શકે નહી. આમ, જયારે કોર્ટ પરવાનગી સિવાય રજુ થઈ શકે નહી તેવી જોગવાઈ છે ત્યારે પ્રતિવાદી નં.૧ એ જો પોતાના દાવા જવાબ સાથે પોતાના બચાવના દસ્તાવેજો રજુ કરેલા ન હોય તો તે પાછળથી કોર્ટની પરવાનગી લઈને રજુ કરી શકે છે. પરંતુ જયારે કોર્ટ પરવાનગીનો પ્રશ્ન આવે છે ત્યારે હંમેશા કોર્ટની વિવેક બુધ્ધીની સત્તા ચિત્રમાં આવે છે. તેમજ જયારે કોર્ટે વિવેક બુધ્ધીની સત્તાનો ઉપયોગ કરવાનો હોય ત્યારે કોર્ટે જોવાનું છે કે, આવા દસ્તાવેજો અગાઉ રજુ ન કરવાનું પુરતુ અને વાજબી કારણ હતુ કે નહી, તેમજ આવા દસ્તાવેજો કાયદા દ્રારા નિયત કરવામાં આવેલા સ્ટેજે રજુ ન કરી પાછળથી રજુ કરવામાં આવે તો તેનાથી સામાપક્ષનો કોઈ પ્રેઝયુડાઈસ થાય તેમ છે કે કેમ. વધુમાં કોર્ટે આવા દસ્તાવેજો તકરારના યોગ્ય નિર્ણય માટે આવશ્યક છે કે કેમ તે અંગે પણ વિચાર કરવાનો છે, કારણ કે કોર્ટ સમક્ષ રજુ થનારો પુરાવો સુસંગત છે કે કેમ તે પ્રર્થમ રીતે કોર્ટે જોવાનું છે અને જે પુરાવો કેસના નિર્ણય માટે સુસંગત અને આવશ્યક નથી તે રજુ થતા રોકવાના છે. તે સિવાય પક્ષકારોને કેસના જુદા જુદા તબકકે નવા નવા દસ્તાવેજો આવશ્યક છે તેવો વિચાર કે તરંગ આવે એટલે તે રજુ કરી દઈ શકે નહી. જો તેમ કરવા કોઈ પક્ષકારોને પુરતા કારણો સિવાય પરવાનગી આપવામાં આવે તો દરેક પક્ષકાર પોતાના માનસીક તરંગો પ્રમાણી નવા નવા દસ્તાવેજો રજુ કર્યા કરે અને ટ્રાયલ અંતવિહીન બને અને સામાપક્ષને પ્રેઝયુડાઈસ થાય. જે રોકવા માટેજ કાયદાના ઘડવૈયાઓએ, પક્ષકારો જે દસ્તાવેજો પર આધાર રાખતા હોય તે કયારે રજુ કરવા જોઈને તેનું ચોકકસ સ્ટેજ નિયત કરવામાં આવેલ છે, જે ફેર ટ્રાયલ અંગેનો પુરતો વિચાર કરીને ઘડવામાં આવેલા છે. કાયદાના ઘડનારના ધ્યાન પર છે કે, કોઈ વિપરીત અને વિસંગત સંજોગોમાં પક્ષકાર પોતાના કેસના સમર્થનના કે બચાવના

સમર્થનના દસ્તાવેજો યોગ્ય તબકકે રજુ કરી ન કરી શકે તેવા સંજોગો બની શકે છે. જેથી તેઓએ કોર્ટ પરવાનગીથી તે દસ્તાવેજો રજુ કરવાની ઉચીત જોગવાઈ કરેલી છે. પરંતુ આવી જોગવાઈ મુજબની પરવાનગી આપતા સમયે કોર્ટની ફરજ થાય છે કે, તે ઉપર ચર્ચા કરી તે મુજબ યોગ્ય તબકકે રજુ નહી થઈ શકવા પાછળનું પુરતુ કારણ છે કે નહી તે ચકાસે, આવા દસ્તાવેજો સુસંગત છે કે નહી તે ચકાસે તથા પાછળથી રજુ કરવા પરવાનગી આપવામાં આવે તો સામાપક્ષને પ્રેજયુડાઈસ થાય તેમ છે કે કેમ તે તપાસે.

**(૩.૧.૧)** હાલના કેસમાં પ્રતિવાદી નં.૧ જે દસ્તાવેજો રજુ કરવા માગે છે તે સી.પી.સી ઓર્ડર ૮, રૂ.૧એ (૧) માં દર્શાવેલા સમયે નહી રજુ કરવાનું વાજબી અને પુરતુ કારણ હતુ કે કેમ તે અંગે વિચાર કરવામાં આવે તો, પ્રતિવાદી નં.૧ જે દસ્તાવેજો રજુ કરવા પરવાનગી માંગી રહેલા છે તે તમામ દસ્તાવેજો હાલનો દાવો દાખલ થયેલ તે પહેલાના દસ્તાવેજો છે. તેમજ આવા દસ્તાવેજો દાવો દાખલ થયો તે સમયે પ્રતિવાદી નં.૧ ના કબજામાં હોય તેવાજ દસ્તાવેજો છે. વધુમાં આવા દસ્તાવેજો જવાબ રજુ કરતા સમયે રજુ નહી કરવાનું પ્રતિવાદી નં.૧ એ એવુ કારણ દાર્શાવેલ છે કે, તે દસ્તાવેજો મીસ પ્લેસ થઈ ગયેલા અને ટ્રેસ આઉટ થઈ શકેલા નહી. જે કારણ અંગે વિચાર કરવામાં આવે તો તે પુરતુ અને વાજબી કારણ કહી શકાય નહી. તે સિવાય ધારોકે તે દસ્તાવેજો મીસ પ્લેસ થઈ ગયેલા હતા તો પ્રતિવાદી નં.૧ પક્ષ પી.જી.વી.સી.એલ પાસેથી, પોલીસ પાસેથી, મહાનગરપાલીકા પાસેથી તેની નકલો માંગી ને યોગ્ય તબકકે રજુ કરી શકેલા હોત, પરંતુ પ્રતિવાદી નં.૧ પક્ષ દ્રારા તેવા દસ્તાવેજો ની નકલ મેળવા કોઈ પ્રયત્ન કરેલો હોય તેવુ સ્પષ્ટ થતુ નથી. વધુમાં આ કામના પ્રતિવાદી નં.૧ એ પોતાની જુબાનીમાં કે પોતાના દાવા જવાબમાં પણ આવા કોઈ દસ્તાવેજોનું અસ્તીત્વ છે અને તે મળી આવલા ન હોવાથી યોગ્ય તબકકે રજુ કરી શકેલા નથી તેવુ કોઈ પ્લીડીંગ કરવામાં આવેલ નથી. આમ,

જે દસ્તાવેજો નું અસ્તીત્વ હોવાનું પ્લીડીંગમાં ઉલ્લેખીત નથી, વાદી પક્ષ દ્રારા કરવામાં આવેલી ઉલટ તપાસમાં સ્પષ્ટ પ્રશ્ન પુછવામાં આવેલ હોવા છતા તેવા દસ્તાવેજો છે તેવો કોઈ ઉલ્લેખ નથી ત્યારે વાદીનો સંપુર્ણ પુરાવો પુરો થયા બાદ આવા દસ્તાવેજો રજુ કરવા પરવાનગી આપવામાં આવે તો તે દસ્તાવેજોનું ખંડન કરતો પુરાવો રજુ કરવા વાદીને તક મળી શકે નહી, જેથી વાદીને પ્રેઝ્યુડાઈસ થાય તેમ છે.

(૩.૧.ર) ત્યાર બાદ હાલની અરજીના પારા–૩ માં જણાવેલા ક્રમ નં.૧ થી ૬ ના દસ્તાવેજો અરજીમાં દર્શાવ્યા મુજબ વિવાદીત બાંધકામ હાલ જે સ્થીતીમાં છે તે સ્થીતીમાં ડીસેમ્બર –ર૦૧૭ માં પુર્ણ થયેલ છે તેવુ તેવુ દર્શાવવા માટે લેશ માત્ર પણ ઉપયોગી થતા નથી. પ્રતિવાદી નં.૧ એ વિવાદીત સ્થળ પરનું જુનુ ગેસ્ટ હાઉસ તોડીને તે સ્થળ ઉપયોગમાં લીધેલ નથી તે દર્શાવતા ર૦૧૪ થી ૧૭ ના વિજ બીલ, જુનુ ગેસ્ટ હાઉસ રીનોવેશન કરવાનું હોવાથી બંધ કરેલ હોવાની પોલીસને જાણ કરતો પત્ર, જુનું બાંધકામ તોડવા પ્રતિવાદી નં.ર ને કરેલ અરજી,તે અંગેનો હુકમ, તે અંગેની ધોરસરની ફી ભર્યાની પહોંચ પૈકી એક પણ દસ્તાવેજ એવુ દર્શાવી શકતા નથી કે વિવાદીત સ્થળે જે નવુ બાંધકામ છે તે ડીસેમ્બર –ર૦૧૭ માં પુર્ણ થયેલ છે. જે ધ્યાને લેતા આવા દસ્તાવેજો દાવાની તકરાર ના નિર્ણય માટે લેશ માત્ર સુસંગત નથી. જે ધ્યાને લેતા આવા દસ્તાવેજો રજુ કરવા પરવાનગી આપવા કોઈ ઉચીત કારણ જણાતુ નથી.

(૪) વધુમાં પ્રતિવાદી પક્ષ દ્રારા રજુ કરવામાં આવેલા ચુકાદાઓ પૈકી **Amit M.Pathakji Vs Bhavnaben Amitkumar Pathakji 2007 (2) GLR 1833** નો ચુકાદો ધ્યાને લેવામાં આવેતો, તે કેસમાં પક્ષકાર દ્રારા યોગ્ય તબકકે રજુ કરવા આવશ્યક હોય તેવા દસ્તાવેજ યોગ્ય તબકકે રજુ નહી કરીને પ્રતિપક્ષના સાક્ષીની

ઉલટ તપાસ દરમ્યાન રજુ કરવાનો પ્રશ્ન હતો, જેના નામદાર ગુજરાત ઉચ્ચ અદાલતે માન્ય ગણેલ છે. આ અંગે સી.પી.સી ઓર્ડર ૮ રૂ.૧એ (૪) માં સ્પષ્ટ જોગવાઈ કરવામાં આવેલી છે અને રૂ.૧એ (૧) થી (૩) નું એકસેપ્સન રૂ.૧એ (૪) માં આપવામાં આવેલ છે. પરંતુ હાલના કેસમાં પ્રતિવાદી નં.૧ પક્ષ જે દસ્તાવેજ રજુ કરવા પરવાનગી માંગી રહેલા છે તે પ્રતિપક્ષના સાક્ષની ઉલટ તપાસ કરવા માટે ના સ્ટેજે કે તે ઈરાદાથી રજુ કરતા નથી. જેથી નામદાર ગુજરાત ઉચ્ચ અદાલતનો ઉપરોકત ચુકાદો પ્રતિવાદી નં.૧ ને મદદરૂપ થતો નથી.

(૪.૧) ત્યાર બાદ પ્રતિવાદી નં.૧ દ્રારા **Manharlal Ratiala Bachkaniwala Vs Keshubhai Mohanbhai Patel Sp.C.Appli.27980 of 2007** ના ચુકાદા પર આધાર રાખેલ છે તે મુજબ હાલના કેસમાં માત્ર ઉપરી કોર્ટે નિયત સમયમાં દાવો પુર્ણ કરવાનું ડાયરેકશન છે તેટલા પુરતી સામન્યતા છે, તે સિવાય તે કેસની ફેકટ અને હાલના કેસની ફેકટ વચ્ચે કોઈ સામન્યતા નથી. પ્રતિવાદી નં.૧ ઉપરોકત ચુકાદા પર આધાર રાખીને એવી દલીલ કરી રહેલા છે કે, ઉપરી કોર્ટનું ડાયરેકશન હોવા માત્રથી સાક્ષી તપાસવા કે દસ્તાવેજ રજુ કરવા ઈન્કાર કરી શકાય નહી. આ અંગે વિચાર કરવામાં આવે તો, માત્ર ડાયરેશકન હોવાના કારણે પ્રતિવાદી નં.૧ ની હાલની અરજી નામંજુર કરવા કોઈ દલીલ પણ થયેલી નથી અને તે કારણે અરજી નામંજુર કરવાનું આ કોર્ટ દ્રારા કોઈ કારણ પણ આપવામાં આવેલ નથી. જેથી તે ચુકાદો હાલની અરજી અનુસંધાને પ્રતિવાદી નં.૧ પક્ષને ઉપયોગી થઈ શકે તેમ નથી. તે સિવાય પણ પ્રતિવાદી નં.૧ પક્ષ દ્રારા જે ચુકાદો રજુ થયેલ છે, તે હાલની અરજી મંજુર કરવા માટે લેશ માત્ર પણ ઉપયોગી સુસંગત કે ઉપયોગી નથી કે તેની ફેકટ હાલના કેસ સાથે લેશ માત્ર સુસંગત નથી.

(૪.૨) ત્યાર બાદ પ્રતિવાદી નં.૧ પક્ષ દ્વારા નામદાર સર્વોચ્ચ અદાલત દ્વારા **Sugandhi Vs P.Rajkumar AIR 2020 SC 5486** ના ચુકાદા પર આધાર રાખેલ છે, તે હાલની અરજી સાથે સુસંગત છે. તે ચુકાદો વંચાણે લેવામાં આવેતો, નામદાર સર્વોચ્ચ અદાલત દ્વારા ઠરાવવામાં આવેલ છે કે,

> 8. Sub-rule (3), as quoted above, provides a second opportunity to the defendant to produce the documents which ought to have been produced in the court along with the written statement, with the leave of the court. **The discretion conferred upon the court to *grant such leave is to be exercised judiciously.*** While there is no straight jacket formula, **this leave can be granted by the court *on a good cause being shown* by the defendant.**
>
> 9. It is often said that procedure is the handmade of justice. Procedural and technical hurdles shall not be allowed to come in the way of the court while doing substantial justice. **If the procedural violation *does not seriously cause prejudice to the adversary party*, court must lean towards doing substantial justice rather than relying upon procedural and technical violation.** We should not forget the fact that litigation is nothing but a journey towards truth which is the foundation of justice and the court is required to take appropriate steps to thrash out the underlying truth in every dispute. **Therefore, the court should take a lenient view when an application is made for production of the documents under Sub-rule (3).**
>
> 10. Coming to the present case, the **defendants have filed an application**

> **assigning cogent reasons for not producing the documents along with the written statement. They have stated that these documents were missing and were only traced at a lated stage. It cannot be disputed that these documents are necessary for arriving at a just decision in the suit.** We are of the view that the courts below ought to have granted leave to produce these documents.

નામદાર સર્વોચ્ચ અદાલતનો ઉપરોકત ચુકાદો વંચાણે લેવામાં આવેતો સ્પષ્ટ થાય છે કે, સી.પી.સી ઓર્ડર ૮ રૂ. ૧એ (૩) અતંર્ગત કોર્ટને વિવેકબુધ્ધની સત્તા છે કે, જે દસ્તાવેજો દાવા જવાબ સાથે રજુ કરવાના થતા હતા તેવા દસ્તાવેજો ત્યારે રજુ કરવામાં ન આવે અને બાદમાં રજુ કરવા પરવાનગી આપવામાં આવે તો કોર્ટ વિવેકપુર્ણ રીતે વિચારીને પુરતુ કારણ આપવામાં આવેલ હોય તો મંજુર કરી શકે. તે સીવાય નામદાર સર્વોચ્ચ અદાલત દ્રારા ઠરાવવામાં આવેલ છે કે, જો આવા દસ્તાવેજો યોગ્ય તબકકે રજુ કરવામાં આવેલા ન હોવાથી જો સામાપક્ષને પ્રેઝયુડાઈસ થાય તેમ ન હોય તો પ્રક્રિયાત્મ કાયદાને ઝડતાથી પકડી રાખીને દસ્તાવેજ રજુ કરવા ઈન્કાર કરી શકાય નહી. પરંતુ હાલના કેસમાં જોવામાં આવે તો પ્રતિવાદી નં.૧ દ્રારા અગાઉ ટ્રાયલ શરૂ તથા પુર્વ કુલ ત્રણ વાર દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલા છે પરંતુ તે વખતે પણ હાલના દસ્તાવેજો રજુ કરેલા નથી. તેમજ આવા દસ્તાવેજોના અસ્તીત્વ અંગે પોતાના પ્લીડીંગમાં કે પુરાવામાં કોઈ ઉલ્લેખ કરેલો નથી. તે સિવાય વાદીનો સંપુર્ણ પુરાવો પુરો થયેલો છે, પ્રતિવાદી નં.૧ ના કુલ પાંચ સાક્ષી તપાસાઈ ચુકયા છે ત્યાર બાદ આવા દસ્તાવેજો રજુ કરવા પરવાનગી આપવામાં આવેતો વાદી પક્ષને તેનાથી પ્રેઝયુડાઈસ થાય તેમ છે, કારણ કે આવા દસ્તાવેજો અંગે વાદી કોઈ ખંડનાત્મક પુરાવો રજુ કરી શકે નહી, પ્રતિવાદી પક્ષે અગાઉ તપાસાઈ ચુકેલા સાક્ષીઓની તે બાબતે ઉલટ કરવાની તક મેળવી શકે નહી. તે સિવાય

અગાઉ ચર્ચા કરી તે મુજબ સદર દસ્તાવેજો દાવાના આખરી નિર્ણય માટે મુળ સીધી જાય તેવા દસ્તાવેજો નથી. તેમજ એવા દસ્તાવેજો નથી, કે જો તે રજુ ન થાય તો એક પ્રકારનો ચુકાદો આવવાની સંભાવના હોય અને જો રજુ થાય તો સંપુર્ણ વિપરીત ચુકાદો આવી શકે તેવી સંભાવનાઓ હોય. વધુમાં પ્રતિવાદી નં.૧ પક્ષ દ્રારા એવી દલીલ કરવામાં આવેલ છે કે, નામદાર સર્વોચ્ચ અદાલત સમક્ષના સદર કેસમાં પ્રતિવાદી એ યોગ્ય સમયે દસ્તાવેજો રજુ નહી કરવાનું કારણ એવુ હતુ કે તે દસ્તાવેજો જે તે સમયે મીસ પ્લેસ થયેલા હતા અને મળી આવેલા ન હતા, અને તે કારણને નામદાર સર્વોચ્ચ અદાલત દ્રારા યોગ્ય કારણ માનવામાં આવેલ છે. જેથી હાલના કેસમાં પણ પ્રતિવાદીને દસ્તાવેજો મળી આવેલા ન હતા તે કારણ યોગ્ય અને પુરતુ કારણ કહી શકાય. આ અંગે વિચાર કરવામાં આવેતો, કોઈ એક ચોકકસ કેસમાં દસ્તાવેજો યોગ્ય સમયે મળી આવેલા નહી તે કારણને નામદારા સર્વોચ્ચ અદાલત દ્રારા યોગ્ય કારણ માનવામાં આવેલ હોય તો તે કારણ દરેક કેસમાં યોગ્ય કારણ છે તેવુ કહી શકાય નહી, કારણ કે દરેક કેસની ફેકટ અલગ અલગ હોય છે, ને દસ્તાવેજો મળી આવે નહી તેવુ કારણ દરેક કેસના પોતાના સંજોગો પ્રમાણે મુલ્યાંકન કરવાનું હોય છે. સર્વ પ્રર્થમ તો આવા દસ્તાવેજો ખોવાઈ ગયેલા હતા અને ખરેખર પુરતી કાળજી લેવા છતા મળી આવેલા ન હતા તેવી ફેકટ પુરવાર થવી જોઈએ, ત્યાર બાદ તે કારણ વાજબી અને પુરતુ કહી શકાય છે. હાલના કેસમાં જોવામાં આવેતો, સદર દસ્તાવેજો દલીલ ખાતર જવાબ રજુ કરતા સમયે મળી આવેલા ન હોય તો પણ પ્રતિવાદી પક્ષ પાસેથી પી.જી.વી.સી.એલ, પોલીસ વિભાગ અને મહાનગરપાલીકા પાસેથી તે દસ્તાવેજોની નકલો મેળવીને રજુ કરવાનો વિકલ્પ હતોજ. પરંતુ પ્રતિવાદી પક્ષે તેવા દસ્તવોજો મેળવવાનો કોઈ પ્રયત્ન કરેલો નથી. જે તમામ ધ્યાને લેતા પ્રતિવાદી પક્ષને નામદાર સર્વોચ્ચ અદાલત ના ઉપરોકત ચુકાદાનો લાભ મળી શકે તેમ નથી.

જે ધ્યાને લેતા પ્રતિવાદી નં.૧ દ્રારા રજુ ચુકાદાઓ પ્રતિવાદી નં.૧ ની અરજીની હકીકતને ઉપયોગી થઈ શકે તેમ નથી. જે ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## -: હુ ક મ :-

હાલની અરજી ખર્ચ સહીત **નામંજુર** કરવામાં આવે છે. પ્રતિવાદી નં.૧ ની હાલની અરજી બીન જરૂરી, પુરતા કારણો સિવાયની અને કોર્ટનો સમય વ્યય કરતી હોય **પ્રતિવાદી નં.૧ એ રૂ.૨૦૦૦/- ડી.એલ.એસ.એ. જુનાગઢમાં દિન-૩ માં જમા કરાવવા** તેવો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ **તા.૨૫ મી માર્ચ ૨૦૨૨** ના રોજ ખુલ્લી કોર્ટમાં જાહેર કર્યો.

તારીખ:- ૨૫/૦૩/૨૨
સ્થળ :- જુનાગઢ

**(મિહિરદેવસિંહ ઝાલા)**
મુખ્ય સીનીયર સીવીલ જજ
જુનાગઢ
જીજે ૦૦૮૦૯